## —: સિદ્ધિસૂરિ :— Chap-૪

સંવત ૧૬૧૬માં રચાયેલી સિદ્ધિસૂરિની 'સિં.બ'ની વાર્તા સમગ્ર રીતે જોતાં અત્યારસુધી રચાયેલી અને ઉપલબ્ધ બધી કૃતિઓમાં બહુ વિશિષ્ટ કોટિની છે. બિવંદણીકગચ્છના દેવગુપ્તસૂરિ – જયસાગરશિષ્ય સિદ્ધિસૂરિ-એ આ 'સિં.બ'ની રચના સં. ૧૬૧૬માં વૈશાખ વદ ૩ રવિ બારેજ (અમદાવાદ પાસે)માં કરી છે.[1] આ ઉપરાંત સં. ૧૬૦૬માં તેમણે 'અમરદત્ત-મિત્રાનંદ રાસ'[2] ~~બહુ લખ્યો~~ છે અને સં. ૧૬૧૮માં શ્રા. વ. ૮ રવિના રોજ 'કુલધ્વજ કુમાર રાસ' પણ લખ્યો છે.[3] પાટણના હાલાભાઈના ભંડારના ૯૨મા દાબડામાં આઠપત્રની શાકે ૧૪૮૮ (સં. ૧૬૨૩)માં રચાયેલી અને જેની નકલ સં. ૧૬૬૭માં થઈ છે એવી 'શિવદત્તરાસ' નામે સિદ્ધિસૂરિની એક વધુ કૃતિ પણ મળે છે.[4]

સિદ્ધિસૂરિની 'સિં.બ'ની આ પ્રત લીંચ (જિલ્લો-મહેસાણા)ના જૈન જ્ઞાનભંડારમાંથી મળી આવી છે. એની નકલ કર્યા સંવત ૧૭૯૯ છે. પ્રતનો નંબર ૧૫ છે. અને ડા.નો નંબર ૧ છે. કુલ ૩૯ પત્રની આ અકબંધ પોથી છે.

સિદ્ધિસૂરિની 'સિં.બ'ની વાર્તાની વિશાળતા નોંધપાત્ર છે. જો કે એ વિશાળતાનું એક કારણ દરેક વાર્તામાં શરૂઆતની પાંચ અને અંતની લગભગ ચારેક કડીઓની પુનરુક્તિ પણ છે. ભાષા, છંદ અને વસ્તુ ઉપર કવિનો પૂરેપૂરો પ્રભુત્વ છે એટલે સરળતાપૂર્વક વહેતી આ વાર્તા અનાયાસે વિસ્તૃત બની જાય છે. કવિનું વલણ પ્રસંગોને બહલાવીને વાર્તા કહેવાનું છે.

વાર્તાની એક વિશેષતા કવિએ કરેલાં સુંદર વર્ણનો છે. બીજી વાર્તામાં ચિત્રકૂટ પર્વત ઉપરના વનનું કવિ આમ વર્ણન આપે છે :—

> અતિ સુંદર જિહાં છે આરામ, સોહે વિવિધ વૃક્ષના ઠામ ।
> નામ કહું સંક્ષેપે તાસ, સાંભળતાં હોઈ ઉલ્લાસ ॥૮॥
> નાલિકેર સોપારી સાર, સદાફૂલી સોહે સહકાર ।
> લિંબુ જંબુ નારિંગીવલી, અતિ મધુરી છે અમૃતફલી ॥૯॥
> કરણી કેલી કયરમહીં, જંબીરી દાડિમ છે સદા ।
> ખરજૂરી ખારિક ને તાડ, સોહે સરસ એલડી વાડ ॥૧૦॥

---

1 મોહનલાલ દ. દેસાઈ, જૈન ગુર્જર કવિઓ, પ્રથમભાગ, પૃષ્ઠ. ૨૦૫
2 " " " ત્રીજોભાગ, ખંડ. ૧લો, પૃ. ૬૭૩
3 " " " પ્રથમભાગ — પૃ. ૨૦૭
4 " " " " — પૃ. ૨૦૭

જુવા ફુલ ઉમ્બર અંજીર, રાયણ રાતાંછે કહાવીર ।
લીંબૂઈ લહકે લૂંબખ્યા, દ્રાખતણાં દીસે ઝૂંબખા ॥૨૧॥
કરપટ કુઠિ કારેલાં ઘણાં, સરલ સાગ તિહાં સોહામણા ।
પાડલ પારિજાત પ્રિયકાઉ, જાતિ ફૂલ એલચી લવિંગુ ॥૨૨॥
બાવન ચન્દનનેં મચકન્દ, મધુરાં બીજૂરીનાં વૃન્દ ।
ખર રસિ ખારીછે આંબલી, અતિ ઊંચી ઓપે આમલી ॥૨૩॥
અગર તગરનેં ગલિયાગરી, નાગરવેલિ ગુણેં અતિ ખરી ।
વરસોલી ફાલસી સુસાર, કેતકી તણો નહિ લેઉ પાર ॥૨૪॥
રૂપે રૂડો છે જાસૂલ, જતિ તણો ન લહિઈ મૂલ ।
મદ મદનો વાલો અતિભલો, દમણો મરુઉ ગુણિ ગુણનિલો ॥૨૫॥
ચમ્પક પરિમલ બહુલો જાણિ, અતિ સુગન્ધ ગલિકા વખાણિ ।
લાલ ગુલાલ ગન્ધિ અતિ ભલી, સેવંત્રી સરસી તિહાંવલી ॥૨૬॥

સોળમી વાર્તામાં કવિએ સુંદર ઢંગમાં વનવર્ણન કર્યું છે તેમજ અઠ્ઠાવીસમી વાર્તામાં આઠમીથી ચૌદમી ~~કડી~~ કડી સુધીમાં આવું સુંદર વનવર્ણન આવે છે:—

આંબ આંબલી આક અંજીર, કદલી કુઠિ કથર કહાવાર ।
જંબૂ જિંજીરી જૂઈ જાઈ, નાલિકેર નારંગી માંહિં ॥૮॥
ખદીર ખજૂરી ખારિક સાર, ખાખર ખજૂરનો નહીંકો પાર ।
સીસમ સાલરીયાં નેં સાગ, પણ પાંનવેલનેં પુન્નાગ ॥૯॥
અગર આંબલી આંબલફૂલી, અતિવીશ અગથીઉ બહુફૂલી ।
તમાલપત્ર તગર નઈ તાડ, આમ્રેરીં ઝીકૂઆં ઝાડ ॥૧૦॥
બદરી બીજોરી બહાંગ, કર્પૂર કરણી કેતકી નાંમ ।
લિંબૂઈ લહકે લૂંબખા, દ્રાખ તણા દીસે ઝુંબખા ॥૧૧॥
સેવંત્રી સોપારી સાર; સદાફૂલી સેલડી સફાર ।
બાવના ચંદન મહકે બહૂ, બીલી બહેડાં બાઉલ સહૂ ॥૧૨॥
ચંપક જાંપક સેં અતિભલો, ગુણિ મિસ્ઉ મરૂઉ ગુણનિલો ।
લાલ ગુલાલ ગંધિ અતિખરી, પારધી પરિમલ બહિર કરી ॥૧૩॥
વારૂ વડલાનેં વણખડા, કોડી ટિંદૂરી કાળકા ।
કરમદ કોમલ કમલ કાકડી, આસોલી ચિમોડ ચીભડી ॥૧૪॥

અગિયારમી વાર્તામાં પણ કવિ આવુંજ સુંદર વનવર્ણન આપેછે :—

મગર સમીપે ભલું એક પણ, જાણે મારૂ નન્દન- વન ।
ભાવના ચંદનનાં બહુ ઝાડ, અતિ ઊંચા વળી ઊપે તાડ ॥ ૩૩॥
નારંગી કરણીને અમ્બ, જમ્બીરી દીસે બહુ જમ્બ ।
કુંકુ કરમદાં કેળિ કરીર, ચંપકવેલિ માંઈ કણવીર ॥ ૩૪॥
નાલિયરી રાયણીનાં રૂખ, લીંટ દાઠે વળી ભાજે ભૂખ ।
સદાફળી સિતાફળી વળી, અમૃતફળ આમલ આમલી ॥ ૩૫॥
બીજુરી હીંગુલીતણી ઓહા, પુષ્પતણી નહિ મણા ।
કરપટ કયર કારેલાં સાર, ખજૂરી ખારેક નહિ પાર ॥ ૩૬॥
દમણો મરુઓ ને મચકુન્દ, આકુ હુલઈ અને સૂરણકંદ ।
પારધિ પારિજાત પ્રિયકા, જાતિફૂલ ઓલગી લવિકા ॥ ૩૭॥
પણ્ડરુઈ પાડલ ન સમ, વાલો મહુમનું પુન્નાગ ।
જૂઈ વેલ મોગરા રસાલ, સેવન્તી ને વળી ગુલાબ ॥ ૩૮॥
પીલૂ પીપરિ ને પીપળા, વડવાઈનું વડલા ભલા ।
બોરિ કન્થેરી ને બાવળ, અતિ મોટા દીસે અકફુલ ॥ ૩૯॥
દ્રાખ તણા મંડપ છે ભલા, નામ કહું તરુનાં કેતલાં ।
એહવું વન તે જોઈ નામ રયણી તણો સમય થિઉ જામ ॥ ૪૦॥

આ વનવર્ણનમાં ભાષા માધુર્ય, વર્ણસગાઈ અને પ્રવાહી
પ્રાસાદિકતા ધ્યાન ખેંચે એવાં છે. પ્રેમાનંદનાં વનવર્ણનો વિશે
શ્રી મુનશીએ અવ્યવસ્થિત અને જંગલખાતાની વૃક્ષોની ટીપ જેવાં
હોવાનો આક્ષેપ કર્યો છે તથા આચાર્યશ્રી ધ્રુવે એનો જે યોગ્ય
જવાબ આપ્યો છે તે લેખની અહીં યાદ આવે છે. છ વનમાં વૃક્ષો કોઈ
યોજના બદ્ધ રીતે ઉગતાં નથી. કવિને કાંતો વનના ~~એકંદર~~ સૌન્દર્યનું
મોહક ચિત્ર રજૂ કરવું હોય છે અથવા વનની ભયંકરતાનો ખ્યાલ
આપવો હોય છે. ~~અથવા વનની~~ એટલે આવાં વનવર્ણનો સમગ્ર
અસર કેવી ઉપજાવે છે તે દ્રષ્ટિએજ વિચાર કરવાનો હોય છે. આ કવિનાં
બીજી વાર્તાનું
વનવર્ણનો સુંદર અને પ્રસંગનો પોષક અસર ઉપજાવે છે. આને
વર્ણન પર્વત ઉપર સ્વાભાવિક રીતેજ બન્યું હોય એવું વનવર્ણન છે. અને
ત્યાં આવેલા ભગવાન શંકરના સ્થાનની પવિત્રતા, એકાંત અને સૌંદર્યનો
મન ઉપર ઠસાવે તેવું છે. ૧૨ મી વાર્તામાંનું વર્ણન વનની ભયાનકતાનું
નિરૂપણ કરવા માટે છે છતાં કવિ એનું વર્ણન સુંદર રીતે કરે છે.
સંધ્યા સમય હોવાથી અને એક સ્ત્રીનો વિલાપ એ વનગાંજી —

સાંભળાતો હોવાથી આ 'ચારુ ચંદન વન'નો ખ્યાલ કંઈક ભયપ્રેરક છે, અઠ્ઠાવીસમી વાર્તાના વનવર્ણનમાં વર્ણસગાઈ ધ્યાન ખેંચે એવી છે.

૨૬ મી વાર્તામાં કવિ વસંતોત્સવ અંગે વનનું સુંદર વર્ણન કરે છે ત્યાં વસંતમાં પશુધનના ભર્યા ભર્યા મોહક સૌંદર્યનો ખ્યાલ એણે આપવો છે. ગુજરાતી સાહિત્યમાં રચાયેલા ફાગુઓનું ડૉ. સાંડેસરાએ સંપાદન કર્યું છે તેમાં ફાગુકાવ્યનાં લક્ષણો સુંદર રીતે રજૂ કર્યાં છે:—

'પદ, આખ્યાન, રાસ, બારમાસા આદિની જેમ ફાગુ પણ જૂના ગુજરાતી સાહિત્યનો મુખ્ય પ્રકાર છે .. – – – – એ વસંતવર્ણનનો સાહિત્યપ્રકાર હોઈ માનવભાવ અને પ્રકૃતિનું સમન્વિત સુભગ આલેખન એની વિશિષ્ટતા છે (પૃ. ૫૨) – – – વસંતવર્ણન ઉપરાંત વસંતક્રીડા એ ફાગુનો વિષય છે, અને શૃંગારના બંને પ્રકારો — વિપ્રલંભ અને સંભોગનું એમાં નિરૂપણ હોય છે. પ્રાકૃતોત્તર અપભ્રંશમાં આપણે રાસુ વગેરે પ્રકારોના નમૂના મળે છે તેમ ફાગુના મળતા નથી, અને તેથી ફાગુનું સાહિત્યપ્રકાર લેખે મૂળ ઐતિહાસિક રૂપે સમજવાનાં સાધનો નથી. પણ સંસ્કૃત સાહિત્યનાં ઋતુવર્ણનનાં કાવ્યો સાથે એની તુલના કરી શકાય... ...(પૃ. ૫૩)........ વિક્રમના ચૌદમા શતકથી માંડી કેટલાક સૈકા સુધી માનવભાવો સાથે પ્રકૃતિનું ગાન ગાતી, શૃંગાર સાથે ત્યાગ અને વૈરાગ્યના તરંગો ઉછાળતી કવિતા આ સાહિત્યપ્રકારે આપી છે. આખ્યાન કે રાસા કરતાં આનું સ્વરૂપ ટૂંકું છે. પણ મોટે ભાગે એમાં કંઈક ઈતિવૃત્ત આવતું હોઈ હોરી કે ધમાર જેવાં વસંતખેલનાં ટૂંકાં પદો કરતાં એમાં વૈવિધ્યને વિશેષ અવકાશ રહ્યો છે." (પૃ. ૭૨)

['પ્રાચીન ફાગુ સંગ્રહ'ની ડૉ. સાંડેસરાની પ્રસ્તાવનામાંથી - પૃ.]

સિદ્ધિસૂરિએ વર્ણવેલો વસંતોત્સવ આ પ્રમાણે છે :—

વસન્ત મહોછવ કીજે ભલો, મનહ મનોરથ પુગ્ગ સોતલો ॥૬॥
નવ સાહગણી કરૈ અપાર, નગર મહોછવ મંડિઉ સાર।
ઘરિ ઘરિ તોરણ વન્દરમાલ, ગીત ગાન કરે ચાકસુગાલ ॥૭॥
અથ ફાગ— આહે, વસન્ત માસજ આવિઉ, ભાવિઉ વિહગરાઉ।
કરેરે મહોછવ ઓછવ ઘરિ, ઘરિ ઘણા રે ઉછાહ ॥૮॥

આહે, સવી સખિ ગામિય નારિય, કરે ઈ કુતુહલ કેલિ ।
રમ્ભી તિલોત્તમ જેહવી, તેહવી મોહણ વેલિ ॥૯॥

આહે, કેસર સરસ કપૂર કે, ચન્દન ભરિયાં ગાર ।
ઊડીય ગુડીય ગગણ, તોપો તિહિં બાંધ્યા બાર ॥૧૦॥

આહે, ભરીય બહુકોમલી મોકલી, ગલીય ભરીય જલપૂર ।
કેલિ કરે તિહાં કામની, ભામની યૌવન પૂરિ ॥૧૧॥

આહે ઇહ એહિ શૃઙ્ગારીય સારીય નગર મોઝાર ।
સરસ સિન્દુરિ ચિત્રિત, તે ઉપરિં શાજ સાર ॥૧૨॥

આહે, ઘરિ ઘરિ તોરણ બન્ધિય, બન્ધિય ગૂડે રાઉ ।
કુંકુમ કેરો રંગો કિં, વાઈ વીયાવલા વાઉ ॥૧૩॥

આહે, વનસ્પતિ સવિ મોરિય, પુરિય સવિ કહિ આસ
મોંગ્યા મહુડા મોકલા, વિકલા નાવે પાસ ॥૧૪॥

સવિ સણગારિય ટોલિય, ભોલિય ભામિની પૂરિ ।
ચન્દન ચરચિય ઉગર સહિં હૃથી ભરિઉ રે સિન્દુર ॥૧૫॥

આહે, દિઈ દશોદશે તાલિય, બાલિય બોલે બોઈ બોલ ।
પાઈ ઝૂઝર ઘમઘમે, વિહસે કામ કપોલ ॥૧૬॥

આહે, ગાઈ ગીત સુરઙ્ગિય, અઙ્ગિય અરહુલાવીર ।
હાથે સોવિન ચૂડિય, ચૂડિય સકલ શરીર ॥૧૭॥

મુખિ તમ્બોલ સુબહિકે બહિકે ઉંચાહિ હાર ।
સાહુણી લડીવડિ નારિય, સારિય કરે શૃઙ્ગાર ॥૧૮॥

ઘરિ ઘરિ નાટક નાગઈઓ, ગાયોંઓ મહિલા વૃન્દ ।
સુકૃત મિલ્યા સવિ સાગરા, જાણે ઇન્દ્ર ઉપેન્દ્ર ॥૧૯॥

મસતકિ મુગટ સુ-ઉપઈઓ, ઉપઈ બાજૂ બન્ધ ।
ચન્દન ચૂઆ ચરચિત, અરચિત વલિય સુગન્ધ ॥૨૦॥

આહે, દેવદુગન્દકની પારિં, નર દીસે અતિસાર ।
ઉજ્જેણી નયરી તહાં જાણે, અમરાપુરી અવતાર ॥૨૧॥

ફૂલ પગર ભર્યાં અતિ ઘણા, વિવિધ કુસુમની જાતિ ।
ગિરુઉ મરુઉ ચમ્પકવલી, વેલી તણી બહુ ભાંતિ ॥૨૨॥
આહે, વાલો બોલસરી વલી, કુમણી નેૈ મચકુન્દ ।
પાડલ પારિજાતક તિહાં માંહિં, જાઈ જૂઈનાં વૃન્દ ॥૨૩॥
આહે, કેતકી કરણી બહિકેએ, બહિકેએ હાર શૃંગાર ।
પાઈહિ પરિમલ નિરતિશય, મોગર ગન્ધિ સુસાર ॥૨૪॥
મહિમહિતી બહુ માલતી, સુરતિ કરેરે અપાર ।
ફૂલ ફૂલિમાં અતિ ઘણાં, મહિમહિતા સહકાર ॥૨૫॥
આહે, એહ વસન્ત ઈણી પરિં, ખેલે રાય સુગાલ ।
શત્રુકારિ સહૂ જિતે વલી, ઉચિત દિઈ બહુ દાન ॥૨૬॥
આહે, ધુમ ઘટી ઉખેપેએ, બહિકે એ અગર કપૂર ।
ઢોલ ઢગઢે ઢમઢમ, નફેરી રણતૂર ॥૨૭॥
આહે, આલતિ આલવેરાગણી, રાગ વસન્ત સુગાઢ ।
ફાગ રમેં નર નારિય ઈમ, હોઈ ઉચ્છવ રંગ ॥૨૮॥

દુહા :– ઈણિ પરિ નવનવ વિવિધિ પરિં, ખેલિ માસ વસન્ત ।
દાન દેઈ મગ્ગણ જણ હજ્જય, ઘરિં ગયા વસન્ત ॥૨૯॥

આ સુંદર ફાગમાં આ બધાં લક્ષણો પ્રગટ દેખાય છે. તેમ છતાં સિદ્ધિસૂરિની કૃતિની પ્રત તે વખતે નહીં મળવાથી ઉપર્યુક્ત ફાગુ-સંગ્રહમાં તે લઈ શકાયો નથી. બાકી એના છંદ, રાગ, મસ્તી, બાહ્યવર્ણન વગેરેનો ફાળો આ ફાગુ ગુજરાતી સાહિત્યના સર્વોત્તમ ફાગુની સાથે મૂકી શકાય તેમ છે. એમાં પંક્તિઓની શરૂઆતમાં આવતા 'આહે' શબ્દથી એ ગવાતો હશે તેમજ ખેલાતો હશે એવું અચૂક સૂચન થાય છે. ફાગની ભાષા અત્યંત મધુર છે. અને કોમળ વર્ણોનો ઉપયોગ કવિએ અત્યંત સુરુચિપૂર્વક કર્યો છે. રાજના વસંતખેલનનો કડી ૨૭-૨૮માં સૂચક ઉલ્લેખ છે. રસિક વાંચકો એના સૌન્દર્યનો ખ્યાલ મેળવી લે એટલા માટે આખો ફાગ ઉપર આપ્યો છે.

કવિ છંદો-વૈવિધ્ય પણ ઘણું સાધ્યું છે. દોહા, ચોપાઈ, સોરઠા અને વસ્તુછંદના પ્રયોગમાં આ છંદો ઉપર કવિને સમાન પ્રભુત્વ છે એટલે એની સાહજિક રચના પદ્ધતિ જ જણાય છે. કથા તેરમીમાં કડી ૧૦ થી ૧૨ અને કથા ૧૫મીમાં કડી ૨૭ થી ૨૯ સુધીમાં આવેલા સોરઠાને કવિની સરતચૂકથી અથવા લહિયાની ભૂલથી 'દૂહા' નામ આપવામાં આવ્યું છે. કવિ 'ગાહા'નો પ્રયોગ પણ કરે છે. આ છંદો-વૈવિધ્યથી વાર્તામાં એકતાનતા આવતી નથી. કેટલીક વખત છંદો ભાવને અનુકૂળ હોય છે. વસ્તુછંદનો ઉપયોગ આ વાર્તા શ્રેણીમાં કવિ પહેલીજ વખત કરે છે. છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય સ્થાને સ્થાને વપરાયો છે.

કવિ કોઈક વખત જોરદાર સંવાદો પણ રજૂ કરે છે. ૧૧મી વાર્તામાં વિક્રમ બહુરાક્ષસ દ્વારા પકડેલી સ્ત્રીને મુક્ત કરવા રાક્ષસ સાથે લડવા તૈયાર થાય છે. ત્યાં કડી ૫૩ થી ૫૯ સુધીમાં આવો તેજસ્વી સંવાદ છે બાકી સામાન્ય સંવાદો પણ સરલ, આકર્ષક અને માનવમનનું જ્ઞાન પ્રગટ કરે છે.

દરેક વાર્તાને અંતે કવિ પોતાના નામનો ઉલ્લેખ કરવા ઉપરાંત કથાના શ્રવણ વાંચનની ફલશ્રુતિનો ઉલ્લેખ કરે છે. સાથે જ કવિ દરેક વાર્તાને અંતે વાર્તાનું સમાપન સૂચવતું સંસ્કૃત વાક્ય આપે છે. તેમાં કોઈક વખત કવિ જૂનળીનું નામ તેમજ વાર્તાનો વિષય એક બે સૂચક શબ્દોમાં આપે છે.

કવિ કેટલીક સુંદર સામાન્ય વિધાનો દ્વારા વાર્તાઓને આકર્ષક બનાવે છે, આઠમી વાર્તામાં કડી ૨૧ થી ૨૬ સુધીમાં મહાજનના શેઠિયાઓનાં નામ આપે છે. તે, તે જમાનામાં સાંભળવામાં આવતા નામોનો ખ્યાલ આપે છે. ૧૨ મી વાર્તામાં કડી ૭ થી ૧૨માં કવિ સાત દુઃખ અને સાત સુખનું વર્ણન કરે છે, એજ વાર્તાની ૨૭-૨૮ કડીમાં પ્રીતિ ને કાળા રંગની વિશેષતા, કડી ૨૯માં સાપની વિશેષતા, કડી ૩૦માં અવગુણોનો ખ્યાલ, કડી ૫૦-૫૨માં જીવનના સાર અને ઉપકારનો કવિએ કરેલો પ્રબોધ,

– ૧૨ મી વાર્તાની કડી ૨૨ થી ૨૪માં દાતાની અહંકારહીનતાનો કવિએ આપેલો ખ્યાલ, ૧૪ મી વાર્તામાં કડી ૧૦માં પુણ્યનો મહિમા, ૧૫મી વાર્તામાં કડી ૨૪ થી ૨૯ સુધીમાં નિરભિમાન, ઉપકાર અને એને પરિણામે આવતું સુખ, વાર્તા ૧૬મીમાં કડી ૩૬–૩૭માં યોગ્ય અવસરે કરેલા કાર્યની કવિએ કરેલી પ્રશંસા વગેરે આવાં વિધાનો છે. તે ઉપરાંત કેટલાંક વિધાનો નમૂના તરીકે આપ્યાં છે. ૨૯ મી વાર્તામાં કવિ કર્મ વિશે કહે છે-

કર્મગતિ વીસરી થઈ, વીરા વિમાસણ મનમાં હિ રહી।
કર્મ કરે તે સહીઈ સહૂ, કર્મ તણી ગતિ દોહિલી બહુ ॥૨૦॥
કર્મે બ્રહ્મા થયો કુંભાર, કૃષ્ણે લીધા દશ અવતાર।
કર્મ ઈ ભિક્ષા હર સચિયો ઇન્દ્ર અહલ્યા સંગમ કરઈ ॥૨૧॥
કર્મે સીતા થયો કલંક, કર્મે રાવણ વિણઠો વંક।
કર્મઈ પાર્વતી નહીં પુત્ર કર્મઈ રેનચંદ્ર શિર વાગૂ ॥૨૨॥
કર્મે તપસી હોઈ ક્રોધ, કર્મે અબલ આપૂ હોઈ યોધ।
કર્મે પંડિત દુખીઉ દીન, કર્મે રૂપવંત ગુણહીન ॥૨૩॥
કર્મે માનવ હિત વિયોગ, અનિષ્ટ તણો કર્મે સંયોગ
કર્મ તણી વાત કહું કિસી, એહ પોતે ભોગવન નહીં તિસી ॥૨૪॥

૩૦ મી વાર્તામાં કવિ સંસારની ત્રણ સારભૂત વસ્તુઓ વિશે કહે છે:– ત્રિણ વસ્તુ સંસારે સાર, લખમી, વીદ્યા, નીજ નારિ ॥૧૧॥

૩૨ મી વાર્તામાં બે સુંદર વસ્તુઓનો સંયોગ વિરલ હોય છે તે વિશે કવિ કહે છે:–

ન મલી અસતી સતી સંસારિ, ન મલે યુવતી જતી વિચાર।
ન મલે આછણ નઈ ગોખીર, ન મલે અમૃત ખારૂં નીર ॥૨૨॥
ન મલે ચતુર પુરુષ સુંખણી, ન મલે પુરુષને પદમણી।
ન મલે શાંતી રૂપ ને સૂર, ન મલે ફૂલ રવકકા ફૂર (?) ॥૨૩॥
ન મલે નિર્ધન ને ધનવંત, ન મલે પાપી ને પુણ્યવંત।
ન મલે ગહિલા ને ગુણગણ ન મલે નિત્યે ઘર કેકાણ ॥૨૪॥
ન મલે કૃપણ અને દાતાર, ન મલે દુર્જન ને આધાર।
ન મલે વસતાને વલી રત્ન, ન મલે માણસ ભાગ્ય મન ॥૨૫॥

૧૯ મી વાર્તામાં કવિ સાહસ વિષે કહે છે :—

સાહસીથી લછી હિવૈ, નહુ કાયર પુરિસાંહ ।
કંન્હે કુંડલ કંચણ હ, અંજણ મુણ નયણાંહ ॥૨૦॥

સાહસીથી સાનવાદીયાં, દીસૈ એક મનાંહ ।
દૈવ ચડિઉં છઇં ચિંતવૈ સરહ કુલે સોનાંહ ॥૨૧॥

૨૨ મી વાર્તામાં ધન પ્રત્યે પ્રશંસા કરતાં કવિ કહે છે કે :—

ધન વિણ સુખ નહીં સંસારિ, ધનવિણ ચુકલીણી નહીં નારિ ।
ધન વિણ સગો સગો હોઈ ધનવિણ પાસૈં ન બેસૈ કોઈ ॥૯॥
જો ધન હોઈ તો વાધઈ લાજ, ધન હોઈ તો સીઝૈ કાજ ।
ધન વિણ માંણસનૈં મેદ ટલૈ, જો ધન હોઈ તો આસ્થા ફલઈ ॥૧૦॥

કવિની ચિત્રાત્મકતા અને વાસ્તવિક જીવનનું યોગ્ય ભાષામાં વર્ણન કરવાની અદ્ભુત દૃષ્ટાંત જોયે એવાં છે. કવિ ધારાનગરી ને પાસેના ગ્રાહકજનની સ્વાભાવિક ચેષ્ટાનું વર્ણન પહેલી વાર્તાની ૨૧ થી ૨૭ કડીમાં અને ભોજ માળે ચઢે છે ત્યારે તેના ઉપર તેની થયેલી અસરનું વર્ણન ૩૩ મી કડીમાં કરે છે. એવો એજ વાર્તામાં ~~કવેલા~~ ઉજ્જયિની અને ભોજના રાજ્યનું કરેલું વર્ણન - પણ સારાં છે. કેટલાંક ગતિશીલ ચિત્રો પણ કવિ ત્રીજી વાર્તામાં રજૂ કરે છે. ૫ મી. વાર્તામાં એવો જ કથા આપી છે. એક પરદેશી પુરુષ આવીને વિક્રમને એક કૌતુકની વાત કહે છે, સાગરના એક બેટમાં એક સુંદર વન અને ત્યાં ગાત્રંગી નામે દેવીનું મંદિર છે. તે દેવી પાસે બે કન્યાઓ રહેતી હતી. તે થોડા દિવસ જીવે છે ને થોડા દિવસ મરે છે, એ આંબળી રાજ ત્યાં જાય છે, પોતાના સાહસથી દેવીને પ્રસન્ન કરી કન્યાઓને ચિરંજીવી બનાવે છે. સિદ્ધિસૂરિની ૭ મી કથા મૂળ દશ રત્નોની પાંચમી વાર્તાને મળતી આવે છે, જ્યારે સાતમી વાર્તા સ્ત્રીપુરુષની જૂદી શિર - ધડની અને ૧૧ મી ચિરંજીવી પંખીની છે, આ ચિરંજીવી પંખીની વાર્તા સિદ્ધિસૂરિમાં આઠમી છે. ત્યાં એ વૃદ્ધ પુરુષની સ્થિતિનું અત્યંત કરુણ ચિત્ર રજૂ કરે છે.

જુગારીની વાર્તામાં ~~અગાત~~ રામચંદ્ર,... અગાત કવિ, સિદ્ધિસૂરિ અને શામળ પણ એકજ પ્રકારનો દુહો આપે છે.

રામચંદ્ર :— જુયારી ધરિ રિદ્ધડી, ગીંકડ કોટઈ હાર,
ગાહિલી ગાયઈ બીહડલું છાજઈ કેતી વાર ?

અજ્ઞાત કવિ :— જુઆરી ઘર રિધડી, ગંકડ કુટ્ટો હાર
ગહિલી માથે જોડ્યું, છાજે કેતી વાર ?

સિદ્ધિસૂરિ :— જૂઆરી ઘરિ રૂધિડી, ગંકુડ કોટિં હાર,
ગહેંલી માથે બેહડુ, છાજેં કુંલી વાર – ૨ – ॥૭॥

શામળ :— જુઆરી પાસે રિદ્ધડો, ગીંકડ કોટે હાર,
ગોહેલી માથે જોડ્યું છાજે કેતી વાર ?

આ કૃતિમાં આવાં ગુણદોષ અને પરિસ્થિતિ ઉપરનાં વિધાનો, વિષયાન્તર તરીકે આવે છે તો પદ્ધતિ શામળમાં એના પૂર્ણ સ્વરૂપમાં ખીલી છે અને શામળની પહેલાંના કવિઓમાં પણ કંઈક પ્રમાણમાં જોવા મળે છે. અહીંયાં વાર્તાના પ્રવાહને થંભાવી દે એટલી હદે આ પ્રવૃત્તિ ચાલતી નથી.

મલયચંદ્રની અને આ 'સિં. બ'ની તુલના કરતાં વચગાળાના સમયમાં વાર્તાઓને વધારે આકર્ષક બનાવવા માટે સામાન્ય જ્ઞાન, એમાં સદ્ગુણનું મહત્વ અને માનવ~~મન~~નું દર્શન રજૂ કરવાનો વિચાર વિકસ્યો હોય એમ લાગે છે. કવિની જીવનનું નિરીક્ષણ અને મૂલ્યાંકન કરવાની વૃત્તિ તેમજ શક્તિનું દર્શન થાય છે. ભાષા, છંદ અને અલંકાર ઉપરનું પ્રભુત્વ ઊંચી કક્ષાનું છે. રસિક પ્રસંગોને સમજવાની, વિકસાવવાની અને તેને માટે સમુચિત ભાષાનો પ્રયોગ કરવાની શક્તિ સ્વાભાવિક છે. દરેક વાર્તા કડીબદ્ધ, સ્વયંસંપૂર્ણ કૃતિ તરીકે પ્રગટ થાય છે. આ કૃતિમાં જૈન અસર પરોક્ષ છે, આની ઉપર જણાવી તે વિશેષતાઓ એક તરફથી તેને સુંદરની બીજી તરફથી જીવનના મોહક આકર્ષણવાળી કૃતિ બનાવે છે. આને પરિણામે વાર્તાની સમગ્ર અસર એક પ્રાસાદિક અને કવિત્વમય કૃતિની અસર બની રહી છે.

કવિએ પોતાના સમયની ~~સ્વાભાવિક~~ સામાજિક પરિસ્થિતિનો પણ આછીઆં સારી પેઠે ખ્યાલ આપ્યો છે. જેમકે- કવિ તે સમયના માણસોના નામની એક નોંધપાત્ર યાદી રજૂ કરે છે. જુદા જુદા દેવોની લોકો કેવી રીતે પૂજા કરતા તેનાં વર્ણનો ઠેર ઠેર આવે છે. પરોપકાર અને ત્યાગવૃત્તિ સામાન્ય જનતામાં ઓછાં જ હોય છે તેમ છતાં સામાન્ય જનતા એ સદ્ગુણો તરફ અહોભાવની દ્રષ્ટિ રાખતી હોય છે. એવીજ—

રીતે સામાન્ય માનવ, લોભ, સ્વાર્થ જેવી દુર્બલતાઓ યુક્ત હોતો નથી, છતાં એ દુર્ગુણોથી એનું બાળકો એને હોયજ છે. આ બધું કવિના અનેક પ્રકારનાં વિધાનોમાં વ્યક્ત થયું છે. એમાં એના સમયનું ચિત્ર પણ પરોક્ષ રીતે આવીજ જાય છે. અલંકારોમાં લોકોની શ્રદ્ધા અહીંઆં જૂદે જૂદે રૂપે પ્રગટ થાય છે. રત્નો, કુંથા, ખડી, દંડ, ચાબડી જૂદા જૂદા ચમત્કારો કરી શકે છે, નાગ, સૈન્યને ડરીને બેભાન બનાવી શકે છે, અમૃત એને જીવંત બનાવી શકે છે, સાહસથી પ્રસન્ન થયેલાં દેવદેવીઓ ત્યાં પ્રગટ થઈને વરદાન આપે છે, પુણ્યશાળી માણસ સ્નાન કરે તો પાણી દૂધ જેવું અને પાપી સ્નાન કરે તો કાજળ જેવું થઈ શકે છે, ઐન્દ્રજાલિક પોતાની વિદ્યાથી અદ્ભુતપૂર્વ દૃશ્ય દેખાડી શકે છે, યોગી સાધના દ્વારા સુવર્ણપુરુષ પ્રાપ્ત કરી શકે છે, દેવ માણસો ઉપર પ્રસન્ન થઈને તેમને સુવર્ણપુરુષની ભેટ આપી શકે છે, રસદ્વારા સુવર્ણ સિદ્ધિ પામી શકાય છે, દેવો મનુષ્યોની પરીક્ષા લેવા ભિન્ન સ્વરૂપે સ્વર્ગમાંથી ઉતરી આવે છે, માણસ પોતાના કર્માનુસાર જુદા જુદા અવતાર ધારણ કરે છે અને આગલા ભવની વાત યાદ રાખીને પોતાના ઉપર ઉપકાર કરનારને તેનો બદલો આપે છે, કુંવારીઓ તેલ કઢાઈમાં પડનાર કે એવુંજ કોઈ પરાક્રમ કરનારને પરણવાનાં સ્વપ્નો સેવે છે, દુઃસ્વપ્નનો અર્થ જાણીને રાજા પોતાના ભંડાર લૂંટાવી તેનો ઉપાય કરે છે, જ્યોતિષમાં લોકોને શ્રદ્ધા છે છતાં જ્યોતિષનો કુયોગ પણ રાજાના આત્મભોગથી બદલાઈ જાય છે, સામુદ્રિકનાં લક્ષણોમાં લોકોને શ્રદ્ધા છે — આવા પ્રસંગો દ્વારા તે સમયના લોકોની જીવન પદ્ધતિ, માન્યતા અને શ્રદ્ધાનો ખ્યાલ આપણને ઠીક ઠીક પ્રમાણમાં મળી રહે છે.

આ રીતે આ કૃતિ તેના રચના સમયને ધ્યાનમાં રાખીએ તો કેટલીક રીતે અત્યંત આકર્ષક કૃતિ બને છે. એમાં કવિની વિશેષતા પણ એક કરતાં વધુ દ્રષ્ટિએ ધ્યાન ખેંચે છે. તેના સમય સુધીમાં રચાયેલી બધીજ કૃતિઓમાં એ સૌથી વધુ પ્રાસાદિક, કવિત્વમય અને રસિક છે. સાથેજ ત્યાર પછીની કૃતિઓમાં પ્રગટ થતી સામાન્ય વિધાનો —

અને લોકમાન્યતાઓનાં દર્શન પહેલીજ વખત અહીં ધ્યાન જોગે એવાં બને છે. અત્યાર સુધીના કવિઓના કરતાં અહીં વિગતો ઘણી છે, સ્પષ્ટ છે અને તર્કબદ્ધ રીતે રજૂ કરવામાં આવી છે, આ વાર્તાના વિકાસમાં આ કારણોને લીધે આ કૃતિ મહત્વનો સીમાસ્તંભ બની રહે છે.